BRAMPTON **Service and Information Update**

# બ્રેમ્પટન ટ્રાન્ઝિટમાં માસ્ક ફરજિયાત પહેરવાનો આદેશ જૂન 11 સુધી લંબાવવામાં આવ્યો

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (એપ્રિલ 25, 2022) – ગવર્મેન્ટ ઑફ ઓન્ટેરિયોએ એપ્રિલ 22 નાં રોજ કરેલી નિયમનોની ઘોષણા અનુસાર, બ્રેમ્પટન ટ્રાન્ઝિટની બસોમાં અને ટર્મિનલ્સની અંદર માસ્ક ફરજિયાતપણે પહેરવાનો આદેશ સીટી ઑફ બ્રેમ્પટન એપ્રિલ 27 થી જૂન 11 ની મધ્યરાત્રિ સુધી લંબાવશે. પ્રવાસીઓએ ટ્રાન્ઝિટની બસોમાં અને ટર્મિનલ્સની અંદર માસ્ક્સ પહેરવાનું ચાલુ રાખવું અનિવાર્ય બનશે.

પ્રવાસીઓને યાદ અપાવવામાં આવે છે કે તેઓએ પોતાનું મોઢું, દાઢી અને નાક અનિવાર્યપણે ઢાંકવાના રહે છે. પ્રવાસીઓને સુરક્ષિત રહેવા અને અન્ય લોકોને સુરક્ષિત રહેવામાં મદદરૂપ થવા પોતે હેન્ડ સેનિટાઈઝર સાથે રાખવા, પોતાના હાથ અવારનવાર ધોવા અને જો પોતે બીમારી અનુભવે તો ઘરે રહેવું અને પ્રવાસ ન કરવાની યાદ પણ તેઓને અપાવવામાં આવે છે.

આપણાં ઉતારુઓ અને કર્મચારીઓનું આરોગ્ય અને સુરક્ષા ટોચની અગ્રતા ધરાવે છે. સીટી ઑફ બ્રેમ્પટન જોખમો પર દેખરેખ ચાલુ રાખવા પીલ પબ્લિક હેલ્થ, ગવર્મેન્ટ ઑફ ઓન્ટેરિયો, અને બ્રેમ્પટન ઈમરજન્સી મેનેજમેન્ટ ઓફિસમાં પોતાના ભાગીદારો સાથે ઘનિષ્ઠપણે કામ કરી રહ્યું છે.

વેબસાઈટ www.bramptontransit.com જુઓ અથવા @bramptontransit ને Twitter પર અનુસરીને અદ્યતન માહિતી મેળવો. કોઈ પ્રશ્નો સીધા બ્રેમ્પટન ટ્રાન્ઝિટના સંપર્ક કેન્દ્રને 905.874.2999 નંબર પર પૂછી શકાય છે.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca